ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ભારે ગરમી વચ્ચે શહેરમાં મોડી રાત્રે અમી છાંટણા

ગાંધીનગર, તા.૨૦

કાળઝાળ ગરમી અને બફારાથી ત્રાહીમામ લોકોને મેઘરાજાએ ગુરુવારે મધરાત્રે હાથતાળી આપી દેતા સૌ નિરાશ થયા હતા. ગરમીથી કંટાળીને આંગણા કે અગાસીમાં સુઈ રહેલા વસાહતીઓને વરસાદી છાંટાઓએ જગાડયા હતા.

આખો દિવસ ભારે ગરમી અને ઉકળાટ રહ્યા બાદ ગુરુવારે મધ્યરાત્રીએ આકાશમાં વરસાદી માહોલ બંધાયો હતો. આકાશમાં કાળા વાદળો પણ ઘેરાયા હતા. થોડીકવારમાં વરસાદી છાંટા શરૂ થયા હતા. આકાશમાં જે પ્રકારનો માહોલ બંધાયો હતો અને બફારો થઈ રહ્યો હતો તે જોઈ ભારે વરસાદ પડશે તેવું લાગતું હતું. છાંટાઓ પડવાના શરૂ થતા આંગણા અને અગાસીમાં સુઈ રહેલા વસાહતીઓ ગાદલા, તકીયા લઈ ઘરમાં જતા રહ્યા હતા. જો કે વરસાદે હાથ તાળી આપી દીધી હતી. છાંટા પડતા વધુ બફારો અનુભવાયો હતો. વસાહતીઓ આખી રાત ગરમી અને બફારામાં હેરાન થયા હતા.


વિરામના સમયે સુખ-દુઃખની વાતો કરતી શ્રમિક સહિયરો... (તસવીર : કશ્યપ નિમાવત)

# વિટકોસનો ચાંદખેડા વાયા 'ખ' માર્ગ રૂટ પુનઃ શરૂ કરવા માંગ

**ચાંદખેડા વાયા ખ-માર્ગ અને સે-૩/૪ના તમામ બસ રૂટો શરૂ કરવા વસાહતીઓની ઉગ્ર માંગ : સરગાસણ વિસ્તારમાં વિસ્તરતી વસાહતોના પગલે ઉઠતી માંગ**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં વિટકોસ શહેરની મોટા ભાગની બસો ઘ રોડ તેમજ ચ રોડથી ચલાવાય છે આ કારણથી શહેરના છવાડે આવેલ ખ રોડ પરના સેકટરો અને નવા વિકસેલા અનેક ફલેટો તેમજ સોસાયટીઓના રહીશોને ખુબ જ મુશ્કેલી પડે છે. અગાઉ ચાંદખેડા સુધીનો એક રૂટ વાયા ખ રોડ શરૂ કરાયો હતો તે પણ બંધ કરી દેવાતા આ વસાહતીઓને ખૂબ જ પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

અત્યારે રાજય સરકારના સકારાત્મક દૃષ્ટિકોણના કારણે સરગાસણ ચાર રસ્તા સુધીના 'ખ' રોડ પર અસંખ્ય ફલેટોની સ્કીમો અસ્તિત્વમાં આવી છે તેમજ અનેક નવી સોસાયટીઓ નિર્માણ પામી છે. મહાત્મા મંદિર બનવાને કારણે પણ આ રોડ પરના સેકટરોમાં વસ્તીની દૃષ્ટિએ ખૂબ જ વિકાસ થયેલ છે. આ કારણથી આ વિસ્તારમાં અસંખ્ય મુસાફરોને અમદાવાદ તરફ જવાનું હોય છે તેઓને ફરજિયાત પથિકાશ્રમ સર્કલ પાસેના વિટકોસના બસ સ્ટેન્ડ પર આવવું પડે છે. આથી અસંખ્ય કિંમતી માનવ કલાકો પણ વેડફાય છે અને પારવાર મુશ્કેલી ભોગવવી પડે છે. વળી આ માર્ગ પર એસટી બસો પણ ના મળતી

● અનુસંધાન પાન-૭ પર

## સેકટર-૩/૪ થી સેકટર-૨૧નો રૂટ સંપૂર્ણ ચાલુ કરવો

વિટકોસની શહેરી બસ સેકટર-૩/૪થી સેકટર-૨૧ના રૂટ પર ચાલતી હતી જે મુજબ દર અડધા કલાકે આ બસ મળતી હતી. હાલ આ બસ ફકત સવાર-સાંજ જ ચલાવાય છે. આ બસ અગાઉની માફક આખો દિવસ ચલાવવા સૂચન છે. સે-૪ ગાંધીનગરનું છેવાડાનું તથા નવવિકસિત સેકટર છે. સે-૪ની એક બાજુ ગ રોડ તથા બીજી બાજુ ખ રોડ છે. આ બંને મુખ્ય માર્ગો ઉપરથી એસ.ટી.ની બસો પણ મળતી નથી. તેમજ સેકટર-૪ શહેરના મુખ્ય મથકોથી ખૂબ જ દૂર હોવાથી રિક્ષા ભાડું પણ વધુ ચુકવવું પડે તે સ્વાભાવિક છે. આથી સેકટર-૪ના બંધ થયેલા રૂટ પુનઃ શરૂ કરવા માંગ ઉઠાવી છે.

## અડાલજ-ચાંદખેડા તથા ચિલોડાના બે રૂટ મર્જ કરીને વાયા ખ-રોડથી ચલાવો

હાલ વિટકોસના મુખ્ય બસ સ્ટોપથી અડાલજ-ચાંદખેડા અને ચિલોડા એમ બે અલગ અલગ રૂટ ચાલે છે. તે પૈકી કેટલાક રૂટ મર્જ કરીને અડાલજ-ચાંદખેડાથી (વાયા 'ખ' રોડ) ચિલોડા ચલાવવા પણ સૂચન છે. જો આમ થશે તો ખ-રોડના વસાહતીઓને લાભ થશે. બંને તરફના રૂટમાં પથિકાશ્રમથી પૂરતાં પેસેન્જરો મળી રહેશે. જે લોકો અડાલજ કે ચાંદખેડાથી અક્ષરધામ સુધી જવા માંગતા હોય તેમને પણ આ રૂટથી ફાયદો થશે. સરગાસણ-ખ રોડ પર અનેક નવી વસાહતો-સ્કીમો ઉભી થયેલ છે. તેમજ આ રૂટ ખ-૦ સર્કલ એટલે કે એસ.જી. રોડ ટચ હોવાથી પૂરતો ટ્રાફીક મળી રહે તેમ છે. આ મુદ્દા પરત્વે વિચારણા કરી અડાલજ-ચાંદખેડા તથા ચિલોડા એમ બંને રૂટ મર્જ કરીને એક નવો રૂટ શરુ કરવા સૂચન કરેલ છે.

# ટાઉનહોલ રીનોવેશનની ફાઈલ અટવાઈ

**સ્ટેજ કલાકારો માટે જોખમી, : એ.સી. પ્લાન્ટ બંધ સાંકડી બેઠક વ્યવસ્થાથી શ્રોતાઓ ત્રસ્ત : આયોજનના અંતે પણ રીનોવેશનની યોજના આગળ વધતી નથી !**

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં એકમાત્ર ટાઉનહોલ હાલ તદ્દન કંગાળ હાલતમાં છે. સ્ટેજ સેટઅપ, એ.સી. પ્લાન્ટ તેમજ બેઠક વ્યવસ્થા ખાડે જતા શ્રોતાઓ અને કાર્યક્રમના આયોજકો માટે મોટી મુંઝવણ ઉભી થઈ છે. ટાઉનહોલને નવા રૂપરંગ આપવાની કાર્યયોજનાનું લાંબા સમયના અંતે પણ ઠેકાણું પડ્યું નથી. તંત્રકક્ષાએ ટાઉનહોલના રીનોવેશન માટે ડિઝાઈન-એસ્ટીમેટ તૈયાર કરી દેવાયો છે પરંતુ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઢીલી નીતિ સેવતા શહેરના કલારસિકોએ ડગલે ને પગલે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. આયોજનના અંતે લાંબા સમય બાદ પણ ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ હાથ ધરાયો નથી.

શહેરના કલાકારોને સ્ટેજ પુરૂ પાડવા ઉપરાંત અનેકવિધ કાર્યક્રમો અને સમારંભના આયોજન માટે સાનુકુળ જગ્યા ઉપલબ્ધ થાય તે માટે દાયકાઓ પૂર્વે સે. ૧૭માં ટાઉનહોલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા એક દાયકાથી વધુ સમયના અંતે ટાઉનહોલનું જરૂરી રીનોવેશન ન થતા હાલ દિનપ્રતિદિન હોલની હાલત બિસ્માર બનતી જાય છે. કંગાળ ભાસતા ટાઉનહોલમાં સંકડાશભરી બેઠક વ્યવસ્થાની સાથે એ.સી. પ્લાન્ટ પણ ફેઈલ થઈ જતા શ્રોતાઓ માટે ગુંગળામણ ઉભી થઈ છે. સ્ટેજ સેટઅપ પણ બદતર હાલતમાં હોવાથી પરફોર્મ કરતા કલાકારોને અનેકવાર ગંભીર ઈજા પહોંચી હોવાના પણ દાખલા છે. આવા સંજોગોમાં લાંબા સમયથી ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ પણ કાગળો વચ્ચે અટવાયો છે. ટાઉનહોલના નવીનીકરણ માટે રૂ. ૪ કરોડના ખર્ચનો અંદાજ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીફીકેશન પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય તેવી શકયતા છે. તંત્ર કક્ષાએથી ટાઉનહોલના રીનોવેશન માટેની કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. ડિઝાઈન-એસ્ટીમેટ તૈયાર થયા બાદ લાંબા સમયના અંતે વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા ટાઉનહોલને કંગાળ સ્થિતિમાંથી ઉગારી શકાયો નથી.

# ડ્રોની કામગીરી કરનાર દેવ ઈન્ફોને બ્લેક લીસ્ટ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તૈયાર કરાયેલા મકાનોના ઓનલાઈન ડ્રો ની કામગીરીમાં ક્ષતી જણાતાં દેવ ઈન્ફો ટેક કંપનીને બ્લેકલીસ્ટ કરવાનો સરકારે નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત અરજદારોને ઓનલાઈન ડ્રો દ્વારા આવાસો ફાળવવાની કામગીરી એક ઈન્ફો કંપનીને સોંપવામાં આવી હતી. આ ઈન્ફો કંપનીએ ઓનલાઈન ડ્રો ની કામગીરીમાં સરકારે સુચવેલી પદ્ધતિનો અમલ ન કરતાં ડ્રો માં ક્ષતિઓ સર્જાઈ હતી.

ડ્રો સામે રાજ્યભરમાંથી અરજદારોએ વિરોધ કરતાં રાજ્ય સરકારે ડ્રો રદ કરવાનો નિર્ણય કર્યા બાદ આજે દેવ ઈન્ફો કંપનીને બ્લેક લીસ્ટ કરવાનો પણ નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.



વિદ્યાર્થીઓની વધુ એક લાઈન - પ્રવેશ માટે ઓન લાઈન ફોર્મ ભરવા અને ફોર્મ ફી ભરવા માટેની લાઈનો આજકાલ બેંકના પ્રાંગણમાં લાગતી હોય છે... ઓનલાઈન અને કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિના કારણે નિયત કરાયેલી બેંકોમાં નાણાં ભરવાના હોય છે... છેલ્લા ચાર દિવસથી ગાંધીનગરની કેટલીક બેંકોના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ તડકામાં પૈસા ભરવા લાઈન લગાવે છે... **(તસવીર : દિપક જાની)**

# અસહ્ય ગરમી યથાવત

**માંડ માંડ બંધાયેલા વાદળો આજે આકાશમાંથી અદૃશ્ય થતા વરસાદની આશાઓ પર પાણી ફરી વળ્યુ : તાપમાન ૪૦ ડિગ્રીએ યથાવત**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના રહેવાસીઓને આજે પણ ૪૦ ડિગ્રી સેલ્શિયસ ગરમી અને બફારાનો સામનો કરવો પડ્યો હતો. વળી, આજે તો છેલ્લા ચાર-પાંચ દિવસથી આકાશમાં ઘેરાતાં વાદળો પણ વેરણછેરણ થઈ જતા ગરમીમાંથી રાહત મળવાની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. આજે સાંજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ માત્ર ૩૫ ટકા જ નોંધાયું હતું.

સતત વરસાદની વાટ જોઈ રહેલા નગરજનો આકાશમાંથી વાદળો અદૃશ્ય થતા દેખાતા ચિંતાતુર બની ગયા હતા. એક તરફ શહેરમાં મહત્તમ ૪૦ ડિગ્રીનો પારો બતાવતા આકરી ગરમી યથાવત જળવાઈ હતી તો બીજી તરફ વરસાદની આશા પણ ધૂંધળી બની ગઈ હતી. આજે વાતાવરણમાં પવનનું પ્રમાણ પણ વધઘટ થતું રહ્યું હતું. જેના કારણે પણ વધુ ગરમી અને બફારાનો અહેસાસ થવા પામ્યો હતો.

આજે શહેરમાં મહત્તમ ૪૦ ડિગ્રી તાપમાન સામે લઘુત્તમ ૨૯ ડિગ્રી નોંધાયું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૬૭ ટકા જેટલું હતું તે દિવસભરના તાપમાં ઘટીને ૩૫ ટકા થઈ જવા પામ્યું

● અનુસંધાન પાન-૭ પર




## બેસણું

અમારા પિતાશ્રી **મેઘાભાઈ કાળાભાઈ રથવી**નો સ્વર્ગવાસ તા. ૧૦/૬/૨૦૧૪ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૨/૬/૨૦૧૪ને રવિવારે, સવારે ૮ થી ૧૨** દરમિયાન રાખેલ છે.

સ્થળ : આદરીયાણા, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર

લિ.

**ડો. રણછોડભાઈ ગણેશભાઈ રથવી** (ઉપાધ્યક્ષ, ભાજપા, ગાંધીનગર મહાનગર)
**ધર્મેશભાઈ જેસંગભાઈ રથવી**
**મો : ૯૪૨૬૫ ૭૩૩૧૬, ૮૯૦૫૧ ૫૨૫૩૦**
**ગણેશભાઈ મેઘાભાઈ રથવી**
**જેસંગભાઈ મેઘાભાઈ રથવી**
**ભગવાનભાઈ કાળાભાઈ રથવી**
**ભવાનભાઈ ભગવાનભાઈ રથવી**



## વિસનગર નાગર બેસણું

અમારા પિતાશ્રી **વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડ્યા** (ભૂતપૂર્વ પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા)નું દુઃખદ અવસાન તા. ૨૦/૬/૨૦૧૪ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૨/૬/૨૦૧૪ રવિવારે સાંજે ૫-૦૦ થી ૭-૦૦** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, પોલીસ ચોકીની સામે, ગાંધીનગર

**કમલેશ વાસુદેવભાઈ પંડ્યા**
**સનતભાઈ વાસુદેવભાઈ પંડ્યા**
**તીર્થ સનતભાઈ પંડ્યા**
**સમસ્ત પંડ્યા પરિવાર**


# વિદ્યાર્થીઓમાં બધી કલાનો વિકાસ થાય તે અત્યંત જરૂરી : ભાગ્યેશ જહા

સેક્ટર-૧૩ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી : ધોરણ-૧માં ૨૪ અને ધોરણ-૮માં નવા ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ : સંસ્કૃત શીખવાથી યાદશક્તિ વધે છે : ભાગ્યેશ જહા



ગાંધીનગર, તા.૨૦

નવી પેઢીને તૈયાર કરવા માટે શાળાઓ છે. પરંતુ બાળકોમાં બધી કલા તેમજ ટેલેન્ટનો વિકાસ થાય તે જરૂરી છે. આજના સમયમાં વધતા અભ્યાસના વિવિધ ક્ષેત્રોની સાથે કારકિર્દીલક્ષી તકો ઉજ્જવળ બની છે. આવા સંજોગોમાં એકપણ વિદ્યાર્થી શાળા છોડીને ન જાય તે મહત્વની બાબત બની રહે છે તેમ સેક્ટર-૧૩ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ પ્રસંગે ઉપસ્થિત સચિવ શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું. સે-૧૩ ની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં ૨૪ તેમજ ધો-૮ માં ૩૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

સેક્ટર-૧૩ -ાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સચિવ શ્રી ભાગ્યેશ જહા, કોર્પોરેટર પીન્કીબેન પટેલ, ગોવિંદભાઈ પરમાર, ભાજપ યુવા મોરચાના પદમસિંહ ચૌહાણ, જે.સી.આઈ ના -મુખ સાત્વીક ત્રિવેદી, શાળાના આચાર્ય ભાનુબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવની શરૂઆતમાં બેટી બચાવો અભિયાનને પ્રોત્સાહિત કરવા વિડીયો ક્લીપ રજુ કરવામાં આવી હતી. ધો-૧ માં ૨૪ તેમજ ધો-૮ માં ૩૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. સહયોગ મંડળના સહકારથી શાળાનું પગથીયું ચડતા વિદ્યાર્થીઓને

● અનુસંધાન પાન-૭ પર

# વિસનગરા નાગર સમાજના કર્મનિષ્ઠ અગ્રણી વાસુદેવ પંડયાનું અવસાન

**સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં જ્ઞાતિજનો તેમજ સમાજના અગ્રણીઓએ મોટી સંખ્યામાં જોડાઈ શ્રધ્ધાંજલિ અર્પણ કરી**

ગાંધીનગર, તા.૨૦

વિસનગરા નાગર સમાજના અગ્રણી વાસુદેવ લક્ષ્મીશંકર પંડયાનું આજે બિમારીને અંતે દુઃખદ અવસાન થયુંછે. ૭૫ વર્ષીય સ્વ. વાસુદેવભાઈને છેલ્લા ૧૦ દિવસથી અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવતી હતી જયાંથી ગઈ કાલે તેમને સે-૮ સ્થિત તેમના નિવાસ સ્થાને લાવવામાં આવ્યા હતા જયારે શુક્રવારે બપોરે ૩ કલાકે તેમનું અવસાન થયું હતું. આજે સાંજે ૬.૩૦ કલાકે સ્વર્ગસ્થની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં સમાજના જ્ઞાતિજનો તેમજ જાહેરજીવનના અગ્રણીઓ સહિત શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



વિસનગરા નાગર સમાજના શ્રેષ્ઠી વાસુદેવભાઈનું આજે ૭૫ વર્ષની વયે અવસાન થયું છે. ૧૨ ઓકટોબર વર્ષ ૧૯૩૮ના રોજ જન્મેલા વાસુદેવભાઈ મૂળ ડભોડાના વતની હતા. ૨૦ વર્ષની ઉંમરે માર્ગ મકાન વિભાગમાં વર્ક આસિસ્ટન્ટ તરીકે નોકરી મેળવ્યા બાદ તેમણે ૧૯૬૫માં કન્સ્ટ્રકશન ક્ષેત્રે ઝંપલાવ્યું. અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર કોબા સર્કલ પાસે 'પાંડવવાડી' ની સ્થાપના કરી આગવી ઓળખ મેળવી હતી. જયારે ૧૯૮૧ના વર્ષથી તેઓ રાજકારણમાં સક્રીય થયા હતા. ૧૯૮૭ સુધી જિલ્લા પંચાયતના સદસ્ય રહ્યા તેમજ બાંધકામ સમિતિના ચેરમેન તરીકે સેવા આપી હતી. વર્ષ ૧૯૮૨ અને ૮૫ બે ટર્મ સુધી ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રથમ પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. આ ઉપરાંત ડભોડા સેવા સહકારી મંડળી તેમજ તાલુકા મજૂર સહકારી મંડળીમાં પણ પ્રમુખપદે રહ્યા હતા.

આ ઉપરાંત વિસનગરા નાગર મંડળમાં પણ પ્રમુખ-ઉપપ્રમુખપદે સમાજની જવાબદારી સંભાળી હતી. ડભોડા હનુમાન મંદિરમાં પણ તેમણે ૧૦ વર્ષ સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. છેલ્લા કેટલાક દિવસથી તેમની તબિયત લથડતા વાસુદેવભાઈને અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જયારે આજે બપોરે ૩ કલાકે તેમનું ગાંધીનગર ખાતે અવસાન થયું હતું. તેમના અવસાનથી વિસનગરા નાગર સમાજમાં પણ ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. આજે સાંજે ૬.૩૦ કલાકે તેમની અંતિમયાત્રામાં સમાજના અગ્રણીઓ, જ્ઞાતિજનો તેમજ શહેરીજનોએ મોટી સંખ્યામાં જોડાઈ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.


દોડો... દોડો... દોડો... દોડો...

**કચ્છી ઓર્ગેનિક કેસર કેરી**

કચ્છની અસલ ઓર્ગેનિક કેસરકેરી આવી ગયેલ છે. માત્ર કુદરતી ખાતરથી પકવેલ. કાચુ-પાકું ફળ છે.

**ભાવ : ૯ કિ.ના રૂ. ૪૦૦/-**

કેરી ખાધા બાદ ડાયાબિટીસ ચેક કરાવી લેવું.

સરનામું : પ્લોટ નં. ૧૦૩/૧, સેક્ટર-૨એ, ગાંધીનગર

મો. : ૯૮૭૯૧ ૯૨૬૮૦, ૯૯૦૯૦ ૩૦૦૩૨

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
અભય
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com